Friday
22.08.2025
✳Volume :10 ✳ Issue No.42
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-


### ગાંધીનગરમાં સહકાર સે સમૃદ્ધિ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સહકારી અગ્રણીઓનો એક દિવસીય વર્કશોપ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સહકારી ક્ષેત્રનું શ્રેષ્ઠમોડલ વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરીને કો-ઓપરેટીવ સેક્ટરમાં 'સહકાર સે સમૃદ્ધિ'થી દેશને અગ્રેસર રાખશે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો – દૂધ ઉત્પાદક સહકારી સંઘો – ખેતી બેંક – ગુજકોમાસોલ સહિતની સહકારી સંસ્થાઓના અગ્રણીઓ સહભાગી થયા



**વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી**

- ★ આઝાદી પહેલાથી સહકારીતા ભારતનો આત્મા છે.
- ★ ગુજરાતે સહકાર ક્ષેત્રે નવતર આયામોથી દેશને સહકારી મોડલનો નવો રાહ ચિંધ્યો છે.

**મુખ્યમંત્રીશ્રી**

- છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવામાં અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં સહકારી ક્ષેત્રની મહત્વપૂર્ણ ભૂમિકા.
- ૨૦૩૪ સુધીમાં જી.ડી.પી.માં સહકારી ક્ષેત્રનું યોગદાન ત્રણ ગણું વધારવાનું લક્ષ્ય નવી રાષ્ટ્રિય સહકાર નીતિ-૨૦૨૫માં રાખવામાં આવ્યું છે.
- આઝાદી પહેલાં મહાત્મા ગાંધી અને સરદાર સાહેબની આગેવાનીમાં અસહકારની ચળવળમાં અગ્રેસર ગુજરાત આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકાર સે સમૃદ્ધિ દ્વારા સહકારીતા ક્ષેત્રે પણ અગ્રેસર.






કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ પણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સહકારીક્ષેત્રનું શ્રેષ્ઠ મોડલ દુનિયા સમક્ષ પ્રસ્તુત કરીને આવનારા ભવિષ્યમાં કો-ઓપરેટિવ સેકટરમાં પણ દેશને અગ્રેસર રાખશે. ૨૦૨૫નું વર્ષ આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે "કો-ઓપરેટિવ બિલ્ડ ધ બેટર વર્લ્ડ"ની થીમ સાથે ઉજવાઈ રહ્યું છે. આ ઉજવણી સંદર્ભમાં 'સહકારથી સમૃદ્ધિ' અંતર્ગત જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, દુધ ઉત્પાદક સહકારી મંડળીઓ, ખેતી બેંક અને ગુજકોમાસોલ સહિતની સહકારી સંસ્થાઓના અગ્રણીઓનો એક દિવસીય વર્કશોપ ગાંધીનગરમાં યોજાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્કશોપના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા કહ્યું કે, સ્વતંત્રતા પહેલાં ગુજરાતના બે સપૂત મહાત્મા ગાંધી અને સરદાર પટેલની આગેવાનીમાં અસહકારની લડતમાં અગ્રેસર ગુજરાત આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકાર સે સમૃદ્ધિથી વોકલ ફોર લોકલના વિઝનને પાર પાડવામાં અગ્રેસર છે. તેમણે જણાવ્યું કે, છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવા અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યું છે. ખાસકરીને પ્રાથમિક સહકારી મંડળીઓ આ માટેનું અને સ્વદેશીથી આત્મનિર્ભરતાનું યોગ્ય પ્લેટફોર્મ છે એમ મુખ્યમંત્રીશ્રી ઉમેર્યું હતું. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર ભારતને ૧૪૦ કરોડ ભારતવાસીઓનો સંકલ્પ અને જન આંદોલન બનાવ્યું છે. આત્મનિર્ભરતા માટે આપણે સહકારી મંડળીઓ, સ્વ સહાય જૂથોની મંડળીઓ દ્વારા બનાવાયેલી ચીજ વસ્તુઓ ખરીદીને આત્મનિર્ભર ભારત સાથે વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલને વેગ આપી શકીએ. મુખ્યમંત્રીશ્રીએ પેક્સમાં સ્થાનિક કોર્પોરેટ કંપની બનવાની સંભાવનાઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ સાથે મળીને તેને સાકાર કરી શકે તેમ છે. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં દેશમાં આઝાદીના દશકો પછી અલાયદૂ સહકાર મંત્રાલય રચવામાં આવ્યું છે.


એટલું જ નહીં, છેવાડાના માનવીના વિકાસ માટેની વડાપ્રધાનશ્રીની વિચારધારાને અનુરૂપ નવી સહકાર નીતિ ૨૦૨૫પણ દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે તાજેતરમાં જાહેર કરી છે. આ નીતિની વિશેષતાઓ પ્રસ્તુત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, દરેક નાગરિકને સહકારી આંદોલન સાથે વધુમાં વધુ જોડવા સાથો સાથ ૨૦૩૪ સુધીમાં જી.ડી.પી.માં સહકાર ક્ષેત્રનું યોગદાન ત્રણ ગણું વધારવાનું લક્ષ્ય સહકાર નીતિમાં રાખવામાં આવ્યું છે. સહકારી સંસ્થાઓની સંખ્યા ૩૦ ટકા જેટલી વધારવી અને દરેક ગ્રામ પંચાયતમાં ઓછામાં ઓછી એક સહકારી સોસાયટી બનાવવાનોવિચાર પણ આ નીતિમાં સમાવિષ્ટ છે એમ તેમણે ઉમેર્યું હતું.મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષ સરદાર પટેલની જન્મ જયંતીનું ૧૫૦મું વર્ષ છે અને સરદાર સાહેબે ત્રિભુવનદાસ પટેલના સહયોગથી સહકારિતાનું ફલક વિકસાવ્યું છે તેનું સ્મરણ કરતાં સહકારી ક્ષેત્રે તાલીમબદ્ધ મેનપાવરની ઉપલબ્ધી માટે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપનાના વડાપ્રધાનશ્રીના દીર્ઘ દ્રષ્ટિ પૂર્ણ અભિગમને બિરદાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારત ૨૦૪૭નો જે સંકલ્પ આપ્યો છે તે પહેલાં ગુજરાત માટે તો રાજ્યની સ્થાપનાના ૭૫ વર્ષનો અવસર ૨૦૩૫માં આવવાનો છે. આ બેય અવસરો ગુજરાતના સહકારી ક્ષેત્ર માટે આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલનું દિશાદર્શન કરીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણના અવસરો છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્ય મંત્રીશ્રીએ સહકારી ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસ માટે લાંબા અને ટૂંકા ગાળાના લક્ષ્યો નિર્ધારિત કરીને સહકાર સે સમૃદ્ધિનો ધ્યેય પાર પાડવા સમગ્ર સહકારી ક્ષેત્રના અગ્રણીઓને આ તકે પ્રેરણા આપી હતી. કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલ, વન-પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ વન - પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ આ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા. આઝાદી પહેલાંથી સહકારીતા ભારતનો આત્મા રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગવી પહેલથી ભારતમાં નવીન સહકારિતા મંત્રાલયના નિર્માણ બાદ પ્રથમ સહકારિતા મંત્રી તરીકે શ્રી અમિતભાઈ શાહની આગેવાનીમાં દેશમાં સહકારિતા ક્ષેત્રે અનેકવિધ નવા પ્રકલ્પો શરૂ થયાછે. હાલમાંપણ મોટાભાગના સહકારી આગેવાનો પોતાના માટે નહીં પણ અન્યના કલ્યાણ માટે તેમજ સહકારી માળખું વધુ મજબૂત બનાવવા સતત સેવારત છે. ગુજરાતમાં અને ભારતમાં અનેકવિધ સહકારી આગેવાનો છે? કે જેમને પોતાનું જીવન સહકાર ક્ષેત્રના વિકાસ માટે સમર્પિત કર્યું છે તેમની સરાહના થવી જોઈએ તેમ વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આ પ્રસંગે જણાવ્યું હતું. સહકારી આગેવાન તરીકે પોતાના અનુભવો રજૂ કરતાં શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ગુજરાતમાં સહકારી માળખાને ટકાવી રાખવા અને લાખો સભાસદોના હિતમાં અનેકવિધ કલ્યાણકારી નિર્ણયો કર્યા છે. આ સહકારી માળખાને વધુ વેગ આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં અને સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના નેતૃત્વમાં ગુજરાતે અનેક નવીન આયામો શરૂ કરીને સમગ્ર દેશને સહકારી મોડલમાં નવો રાહ ચિંધ્યો છે. વર્ષો પહેલા ખેડૂતો જ્યારે તેનું અનાજ પાકે ત્યારે તેમાંથી જરૂર પૂરતો ભાગ ગામના અન્ય વર્ગોને આપતા હતા તેની સામે ખેડૂતને જ્યારે જરૂર પડે ત્યારે આ વર્ગો વિવિધ સ્વરૂપે મદદ કરતાએટલે કે તેવખતે પણ સહકારીતાની ભાવના અસ્તિત્વમાં હતીતેમ તેમણે ઉમેર્યુ હતું. તેમણે કહ્યું હતું કે, આઝાદી પહેલા ગાંધીજીએ ગ્રામીણ સ્વરાજની સંકલ્પના આપી હતી. ભારત સહિત વિશ્વના દેશોમાં અલગ અલગ રીતે સહકારી માળખું રચાયું હતું, તે વખતે ગુજરાતમાં ત્રિભુવનદાસ પટેલની આગેવાનીમાં સહકારી માળખાનો પ્રારંભ થયો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતાત્યારે તેઓ હંમેશા આગ્રહ રાખતા કે સહકારી ક્ષેત્રે સમયાંતરે ચૂંટણી થાય તો જ જે તે સંસ્થાને વિકાસની નવી તકો મળે. આ પ્રસંગે સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએજણાવ્યું હતું કે, દેશની આઝાદીના ૭૫ વર્ષ પછી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સહકાર પ્રવૃત્તિને ફરી વેગવાન બનાવવા અલાયદા સહકારિતા મંત્રાલયની શરૂઆત કરી છે. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગતિશીલ નેતૃત્વ તથા કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના સક્ષમ માર્ગદર્શન હેઠળસહકાર મંત્રાલયે ખૂબ જ ટૂંકા ગાળામાં સહકારી ક્ષેત્રમાં અનેક અસરકારક ઈનિશિયેટીવ લીધા છે. મંત્રી શ્રી વિશ્વકર્માએ કહ્યું કે, આજે દેશમાં ૩૦ કરોડથી વધુ સભાસદો સાથે ૮ લાખથી વધુ સહકારી મંડળીઓ આવેલી છે, જે પૈકી ગુજરાતમાં ૧.૮ કરોડ સભાસદો સાથે ૮૯ હજારથી વધુ સહકારી મંડળીઓ કાર્યરત છે. આ ઉપરાંત દેશમાં નોંધાયેલા ૧.૮ લાખ પેક્સ પૈકી ગુજરાતમાં ૧૦ હજારથી વધુ પેક્સ કાર્યરત છે. સહકારી કામમાં એક સૂત્રતા જળવાય તે હેતુથી પેક્સ માટે 'મોડેલ બાય લોઝ' પણ તૈયાર કરવામાં આવ્યા છે. સહકાર મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે, દેશના દરેક ગામડાનો ખેડૂત સમૃદ્ધ થાય. તે દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દેશમાં સૌ પ્રથમ 'કો ઓપરેશન એમોન્ગ કો ઓપરેટીવ મૂવમેન્ટ' ગુજરાતમાં શરૂ કરવામાં આવી છે. જેમાં ગ્રામીણોના ઉત્થાનમાં દૂધ ઉદ્યોગ મહત્વનીભૂમિકા ભજવીરહ્યો છે. મંત્રી શ્રી વિશ્વકર્માએ ઉમેર્યુ કે, આજે સહકારી ક્ષેત્ર દ્વારા અવિરત પ્રયાસોના પરિણામે બેંકોમાં ડિપોઝિટરોનો વિશ્વાસ ખૂબ વધ્યો છે. ગુજરાત રાજ્ય સહકારી બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતે સહકારી માળખાને ડિજિટલ બનાવવા આગવી પહેલ કરી છે. ગુજરાતના ૧૮ હજારમાંથી મોટાભાગના ગામોમાં માઈક્રો એટીએમની સુવિધા દ્વારા પશુપાલકોને તેમના દૂધના નાણા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. માઈક્રો એટીએમ એક પ્રકારની મિનિ બેંકની ભૂમિકા ભજવે છે. ગુજરાતના સહકારી મોડલનો અભ્યાસ કરવા અનેક રાજ્યના સહકારી મંત્રીશ્રીઓ-આગેવાનો રાજ્યની મુલાકાત કરી રહ્યા છે. આ પ્રસંગે સહકાર વિભાગના સચિવ શ્રી સંદીપકુમારે સ્વાગત ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાત સહકારી ક્ષેત્રે સમગ્ર દેશમાં મહત્વપૂર્ણ અને અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. આજે રાજ્યમાં હજારો સહકારી સંસ્થાઓ ખેતી, ડેરી, બેક્િંગ, માર્કેટિંગ, ક્રેડિટ, હાઉસિંગ અને કુટીર ઉદ્યોગ જેવા વિવિધ ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. આ પ્રસંગે ખાંડ તંત્રના નિયામક શ્રી સુનિલભાઈ ચૌધરી દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ પહેલો અંગે વિસ્તૃતમાં પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ધારાસભ્યશ્રીઓ, ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, એઝસ્સ્હ્લના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી સહિત વિવિધ સહકારી મંડળીઓ-બેક્રોના ચેરમેનશ્રીઓ, બોર્ડ ઓફ ડિરેકટર્સ અને હોદેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## તંત્રી સ્થાનોથી......

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણને મધ્યપ્રદેશના ઘણા ખેડૂતો તરફથી ફરિયાદો મળી હતી કે કલોરીમુરોન ઈથિલ 25% WP નામના નીંદણનાશકના ઉપયોગને કારણે ખેડૂતોના સોયાબીનના પાકને નુકસાન થઈ રહ્યું છે. આ ફરિયાદોને ગંભીરતાથી લેતા, તેમણે તાત્કાલિક કંપની અને ડીલરો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો, ત્યારબાદ નમૂનાઓ જપ્ત કરીને પરીક્ષણ કરવામાં આવ્યું અને જ્યારે નમૂનાઓ હલકી ગુણવત્તાવાળા હોવાનું જાણવા મળ્યું, ત્યારે મધ્યપ્રદેશના ૩ જિલ્લાઓ, વિદિશા, દેવાસ અને ધારમાં ડિફોલ્ટર કંપની સામે ફ્રેંઈ નોંધવામાં આવી હતી. આ સાથે બાકીના સ્ટોકના વેચાણ પર પ્રતિબંધ મૂકવા અને ડીલરોના લાઈસન્સ સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો. શ્રી શિવરાજ સિંહે દેશભરમાં વ્યાપક ઓચિંતા દરોડાની ઝુંબેશ ચલાવવાની સૂચના પણ આપી છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણના નિર્દેશો પછી, કૃષિ વિભાગે બજારમાંથી ઉપરોક્ત હર્બિસાઈડના નમૂના જપ્ત કર્યા હતા અને તેનું પરીક્ષણ કરાવ્યું હતું. તપાસ અહેવાલમાં જાણવા મળ્યું કે સંબંધિત હર્બિસાઈડ નબળી ગુણવત્તાનું હતું અને આ પાકને નુકસાનનું કારણ હતું. આ સંદર્ભમાં, વિદિશા (ગ્રામીણ), દેવાસ (કન્નૌડ), ધાર (બદનાવર) જિલ્લાઓમાં ડિફોલ્ટર કંપની સામે FIR નોંધવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં આ નબળી ગુણવત્તાવાળા હર્બિસાઈડ વેચનારા ડીલરોના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. શ્રી શિવરાજ સિંહ ચૌહાણે સ્પષ્ટતા કરી છે કે રાજ્ય સરકારોને તમામ તપાસ પરિણામો ન આવે ત્યાં સુધી ડિફોલ્ટર કંપનીના ઉત્પાદન લાઈસન્સ તાત્કાલિક સ્થગિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, કંપની પાસે ઉપલબ્ધ બાકીના સ્ટોકના વેચાણ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ખેડૂતોના હિતોને સર્વોપરી ગણાવતા, શ્રી શિવરાજ સિંહે ખેડૂતોને અપીલ કરી છે કે તેઓ હાલમાં ક્લોરીમુરોન ઈથિલ 25% WP (બેચ નંબર KE-04) નો ઉપયોગ ન કરે, જેથી પાકને વધુ નુકસાન ન થાય. તેમણે કહ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો સાથે મળીને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરશે અને ખેડૂતોને ન્યાય અપાવવા માટે દરેક જરૂરી પગલાં લેશે.

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા પેલેસ્ટિનિયન અધિકારીઓને મની લોન્ડરિંગ વિરોધી અને આતંકવાદ વિરોધી નાણાકીય તાલીમનું આયોજન



કમલમ્,


રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) ખાતે ધ સ્કૂલ ઓફ બિહેવિયરલ સાયન્સિસ એન્ડ ફોરેન્સિક ઈન્વેસ્ટિગેશન્સ (SBSFI) એ તેની આંતરરાષ્ટ્રીય સહકાર અને સંબંધો શાખા સાથે ભાગીદારીમાં પેલેસ્ટાઈનનાવરિષ્ઠઅધિકારીઓ માટે બે અઠવાડિયાનો વિશેષ તાલીમ કાર્યક્રમ શરૂ કર્યો છે. આ પહેલ ભારત સરકારના વિદેશ મંત્રાલયના પ્રતિષ્ઠિત ભારતીય ટેકનિકલ અને આર્થિક સહકાર (ITEC) કાર્યક્રમ હેઠળ આવે છે. નાણાકીય ગુનાઓ સામે લડવામાં ક્ષમતાઓ વધારવા માટે રચાયેલ આ વ્યાપક તાલીમ ૧૮ ઓગસ્ટથી ૨૯ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન શરૂ થઈ હતી. નાણાકીય ગુનાઓની તપાસ અને નિવારણના મહત્વપૂર્ણ પાસાઓને સંબોધવા માટે અભ્યાસક્રમ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે. તાલીમમાં મુખ્ય વિષયોમાં વેપાર-આધારિત મની લોન્ડરિંગ (TBML) નો સમાવેશ થશે, જે આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવહારો દ્વારા ગેરકાયદેસર ભંડોળના મૂળને છુપાવવા માટે વપરાતી એક અત્યાધુનિક પદ્ધતિ છે. ચર્ચામાં આતંકવાદી ભંડોળ, આતંકવાદી સંગઠનો દ્વારા તેમના કાર્યોને ભંડોળ પૂરું પાડવા માટે ઉપયોગમાં લેવાતી વિવિધ ચેનલો અને પદ્ધતિઓની તપાસ અને આ નેટવર્ક્સને તોડી પાડવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગની મહત્વપૂર્ણ જરૂરિયાત પર પણ ચર્ચા કરવામાં આવશે. કાર્યસૂચિનો એક મહત્વપૂર્ણ ભાગ નાણાકીય ગુનાઓ સામે અસરકારક અમલીકરણ માટે જરૂરી કાનૂની અને સંસ્થાકીય માળખાઓની શોધખોળ, કાયદામાં શ્રેષ્ઠ પ્રથાઓ, નિયમનકારી દેખરેખ અને આંતર-એજન્સી સહયોગને પ્રકાશિત કરવા માટે સમર્પિત રહેશે. સહભાગીઓ આધુનિક નાણાકીય ગુના તપાસ માટે મહત્વપૂર્ણ અદ્યતન તકનીકોનો પણ અભ્યાસ કરશે. આમાં ભૌગોલિક માહિતી પ્રણાલીઓ (GIS) અને ગેરકાયદેસર પ્રવૃત્તિનાપેટર્ન અનેહોટસ્પોટ્સને ઓળખવા માટે ગુના મેપિંગનો ઉપયોગ શામેલ છે, જે નાણાકીય ગુપ્તચરતાને અવકાશી પરિમાણ પ્રદાન કરે છે. તાલીમમાં ઓપન-સોર્સ ઈન્ટેલિજન્સ (OSINT) પર ઊંડાણપૂર્વકનાસત્રો પણ હશે, જે દર્શાવે છે કે નાણાકીય ગુના નેટવર્કને ઉજાગર કરવા અને ગુનેગારોને ઓળખવા માટે જાહેરમાં ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કેવી રીતે કરી શકાય છે. અંતે, ડિજિટલ કરન્સીના ઝડપી વિકાસને જોતાં, ક્રિપ્ટોકરન્સીને લગતી મની લોન્ડરિંગની જટિલતાઓને સંબોધવા, ગેરકાયદેસર ડિજિટલ સંપત્તિઓને ટ્રેસ કરવા અને જપ્ત કરવામાં અનન્ય પડકારો અને ઉભરતા ઉકેલો પર મહત્વપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. "નાણાકીય ગુનાનો લેન્ડસ્કેપ સતત વિકસિત થઈ રહ્યો છે, જેને ગતિશીલ અને સહયોગી પ્રતિભાવની જરૂર છે," એક અધિકારીએ જણાવ્યું. "આ તાલીમ જ્ઞાનની વહેંચણી, ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક નાણાકીય વ્યવસ્થાની અખંડિતતાને સુરક્ષિત રાખવા માટે અત્યાધુનિક વ્યૂહરચના વિકસાવવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડે છે." નવીનતમ મની લોન્ડરિંગ વિરોધી (AML) પગલાં અને શ્રેષ્ઠ પ્રથાઓ પર નોંધપાત્ર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. વર્ગખંડ સત્રો ઉપરાંત, આ કાર્યક્રમ વિવિધ નાણાકીય સંસ્થાઓ અને નિયમનકારી સંસ્થાઓની મુલાકાતો દ્વારા વ્યવહારુ સંપર્કનો સમાવેશ કરે છે, જે સહભાગીઓને નાણાકીય પ્રણાલીઓ અને પાલન પદ્ધતિઓના કાર્યકારી પાસાઓમાં અમૂલ્ય આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. આ વ્યવહારુ અભિગમનો હેતુ સૈદ્ધાંતિક જ્ઞાનને વાસ્તવિક-વિશ્વ એપ્લિકેશન સાથે જોડવાનો છે, ગેરકાયદેસરનાણાકીય પ્રવૃત્તિઓ સામે વૈશ્વિક લડાઈમાં પડકારો અને ઉકેલોની ઊંડી સમજને પ્રોત્સાહન આપવાનો છે. વ્યાપક તાલીમ અભ્યાસક્રમ પેલેસ્ટિનિયન અધિકારીઓને નાણાકીય ગુનાઓ સામે લડવામાં અદ્યતન જ્ઞાન અને વ્યવહારુ કુશળતાથી સજ્જ કરવા માટે રચાયેલ છે. સખત વર્ગખંડ સત્રો ઉપરાંત, સહભાગીઓ વિવિધ નાણાકીય સંસ્થાઓ અને નિયમનકારી સંસ્થાઓની મહત્વપૂર્ણ મુલાકાતો લેવાનું સુનિશ્ચિત કરે છે. આ મુલાકાતોનો હેતુ વિવિધ પ્રણાલીઓમાં ઉપયોગમાં લેવાતી કાર્યકારી પદ્ધતિઓ અને શ્રેષ્ઠ પ્રથાઓમાં અમૂલ્ય આંતરદૃષ્ટિ પ્રદાન કરવાનો છે, જે નાણાકીય ગુના નિવારણ અને તપાસની ઊંડી સમજને પ્રોત્સાહન આપે છે. તાલીમ કાર્યક્રમના ઉદ્ઘાટન દરમિયાન, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) ખાતેસ્કૂલ ઓફ બિહેવિયરલ સાયન્સિસ એન્ડ ફોરેન્સિક ઈન્વેસ્ટિગેશન્સ (SBSFI) ના કાર્યકારી નિયામક ડૉ. નૂરીન ચૌધરીએ સરહદ પાર આતંકવાદી ભંડોળના મિકેનિક્સ અને તેના નિયંત્રણ માટેની વ્યૂહરચનાઓમાં મહત્વપૂર્ણ આંતરદૃષ્ટિ પ્રદાન કરી. ડૉ. નૂરીનએ ભાર મૂક્યો કે આતંકવાદી ભંડોળનો સામનો કરવામાં પ્રાથમિક પડકાર એ સ્થાનિક રહેવાસીઓની સંડોવણીને સંબોધવામાં રહેલો છે જેઓ ઘણીવાર આવા આતંકવાદી કૃત્યોમાં ફસાયેલા હોયછે. આસમસ્યાના બહુપક્ષીય સ્વભાવને પ્રકાશિત કરે છે, જેમાં આંતરરાષ્ટ્રીય સહયોગ અને મજબૂત સ્થાનિક અમલીકરણ પદ્ધતિઓ બંનેની જરૂર પડે છે. કાર્યક્રમનો વ્યાપક અભિગમ સહભાગીઓને આ જટિલ અને વિકસતા જોખમોનો અસરકારક રીતે સામનો કરવા માટે જરૂરી જ્ઞાનઅને સાધનોથીસજ્જ કરવાનો છે. ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના અધિકારીઓએ સુરક્ષા અને તપાસના મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં તાલીમ, સંશોધન અને ક્ષમતા નિર્માણમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાની અતૂટ પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. તેઓએ ભાર મૂક્યો કે આ ચોક્કસ કાર્યક્રમ ભારત અને પેલેસ્ટાઈન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું તરીકે કામ કરે છે. વધુમાં, વિશ્વભરમાં નાણાકીય ગુનાઓના વ્યાપક પડકારનો અસરકારક રીતે સામનો કરવાના હેતુથી વૈશ્વિક પ્રયાસોમાં નોંધપાત્ર યોગદાન આપવાની અપેક્ષા છે.

# વડાપ્રધાનશ્રીના હસ્તે અમદાવાદમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનેલા ૧,૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું લોકાર્પણ

## પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગુજરાતમાં અત્યારસુધીમાં ૧૫ લાખથી વધુ આવાસોનું નિર્માણ પૂર્ણ

કમલમ્,ગાંધીનગર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૨૫ અને ૨૬ ઓગસ્ટે ગુજરાતનીમુલાકાતે આવીરહ્યા છે.આ દરમિયાન અમદાવાદના નિકોલ ખાતેથી તેઓ ૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનેલા ૧,૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રીઆવાસ યોજના(શહેરી) હેઠળ અમલમાં આવેલા આપ્રોજેક્ટથી સ્લમ વિસ્તારોમાં રહેતા પરિવારોને આધુનિક સુવિધાઓસાથે પોતાનાંસપનાનું નવું ઘર મળશે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાથકી લાખોલોકોના જીવનમાંઆશાનું નવું કિરણ આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ઈન સિટુ સ્લમ રિ-ડેવેલોપમેન્ટ ઘટક હેઠળગુજરાત રાજ્યસરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સ્લમ રિહેબિલિટેશન અને રિ-ડેવલપમેન્ટ પોલીસી-૨૦૧૩ અંતર્ગતઅમદાવાદ શહેરના પશ્ચિમ ઝોનનાસરદાર પટેલ સ્ટેડિયમ વોર્ડમાં આવેલારામાપીરના ટેકરાના નામેપ્રચલિત સ્લમપૈકી સેક્ટર-૩માં ૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા કુલ ૧૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું પુનઃવસન કરવાના કામનું લોકાર્પણ થશે. સમગ્ર ગુજરાત રાજ્યની વાત કરીએ તો, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત કુલ ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યાંક સામે કુલ ૯.૬૬ લાખ આવાસોમંજૂર કરવામાંઆવ્યા છે. આ મંજૂર આવાસો પૈકી ૯.૦૭ લાખ જેટલા આવાસોનું કામ પૂર્ણથઈ ચૂક્યુંછે. કેન્દ્ર સરકાર દ્વારાપ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ગુજરાતને વર્ષ ૨૦૧૯માં વિવિધ કેટેગરીમાં કુલ ૬ અને વર્ષ ૨૦૨૨માં વિવિધ કેટેગરીમાં કુલ ૭ એવોર્ડ પ્રાપ્ત થયા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ભારત સરકાર દ્વારા ૮,૪૩,૧૬૮ આવાસનો લક્ષ્યાંક મળ્યો છે, તે પૈકી કુલ ૬,૦૦,૯૩૨ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આઉપરાંત, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં સ્પીલઓવર આવાસો ૨,૭૮,૫૩૩ના લક્ષ્યાંક સામે ૦૧ એપ્રિલ ૨૦૨૫થી ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં ૩૯,૦૯૨ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા છે. જ્યારે ૨,૩૯,૪૪૧ આવાસોપ્રગતિ હેઠળછે, જે આગામી માર્ચ-૨૦૨૬ સુધીમાંપૂર્ણ કરવાનું આયોજન છે.નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭થી૨૦ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાંઆ યોજના હેઠળ ?૮૯૩૬.૫૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬થીપ્રધાનમંત્રીઆવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત લાભાર્થીઓ પૈકી વર્ષ ૨૦૨૪-૨૫ના લક્ષ્યાંક મુજબ તેમજ ભવિષ્યમાં મળનારલક્ષ્યાંક મુજબના લાભાર્થીઓને આવાસ બાંધકામમાં વધુ મદદરૂપ થવાના ઉમદા ઉદ્દેશથી ૧૦૦ ટકારાજ્ય ફાળાઅંતર્ગત આવાસના બાંધકામ માટે રૂફ-કાસ્ટ લેવલે રાજ્ય સરકાર દ્વારા ?૫૦,૦૦૦ની વધારાની સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૩૪,૭૫૯ લાભાર્થીઓને ૧૭૩.૮૦ કરોડની સહાયનો લાભ આપવામાંઆવ્યો છે.



### મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય' યોજના અંતર્ગત લાભાર્થીઓને અનેક લાભો મળ્યા

રાજ્ય સરકારની 'મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના' અંતર્ગતલાભાર્થીને પ્રથમહપ્તો મળ્યેથી ૬ માસની અંદર આવાસ પૂર્ણ કરવાના કિસ્સામાં લાભાર્થી દીઠ ૨૦,૦૦૦ની વધારાનીપ્રોત્સાહક સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૭૪,૯૩૦ લાભાર્થીઓને ૧૪૯.૮૬ કરોડની સહાયનો લાભ આપવામાં આવ્યોછે. રાજ્યસરકાર દ્વારાકુટુંબના મહિલા સભ્યોને ધ્યાનમાં રાખીનેઆવાસની સાથેસાથે બાથરૂમના બાંધકામ માટે લાભાર્થી દીઠ ૫૦૦૦ની વધારાની સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૮૨,૮૪૫ લાભાર્થીઓને ૪૧.૪૨ કરોડની સહાયનો લાભ આપવામાંઆવ્યો છે. આ ઉપરાંત લાભાર્થીને મનરેગા યોજનાહેઠળ ૯૦દિવસની રોજગારી પેટે ૨૫,૯૨૦ મળવાપાત્ર થાય છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલય બાંધકામ માટે ૧૨,૦૦૦ મળવાપાત્ર થાય છે. આમ, આ યોજના અંતર્ગત પણ લાભાર્થીને કુલ ૨,૩૨,૯૨૦ની સહાય મળવાપાત્ર થાય છે.

### એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સ યોજનમાં પ્રોજેક્ટની મંજૂરી મેળવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

કેન્દ્ર સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સિસ યોજના અંતર્ગત શહેરી ગરીબો અને કામદારો સસ્તા ભાડાના આવાસો પૂરા પાડવા વર્ષ ૨૦૨૦માં જાહેરાત કરવામાં આવી હતી. એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સ(ARHCs) નીતિજાહેર થયાથી ત્રણ માસમાં જ સુરત શહેરના સુડા વિસ્તારના નિર્માણ પામેલ ૩૯૩ આવાસોને મોડેલ- ૦૧ અંતર્ગત ભાડાના મકાનમાં રૂપાંતરિતકરી પ્રોજેક્ટનીમંજૂરી મેળવનાર ગુજરાત પ્રથમ રાજ્યબન્યું છે.

### લાઈટ હાઉસ પ્રોજેક્ટ અમલીકરણમાં દેશભરના ૬ રાજ્યો પૈકી ગુજરાતનો સમાવેશ

ગ્લોબલ હાઉસિંગ ટેક્નોલોજી ચેલેન્જ (GHTC) અંતર્ગત લાઈટ હાઉસ પ્રોજેક્ટ અમલીકરણ કરવા કેન્દ્ર સરકાર દ્વારા ભારતભરમાંથી પસંદ કરવામાં આવેલ ૬ રાજ્યો પૈકી ગુજરાતનો સમાવેશ થયો છે. ગુજરાતના રાજકોટ શહેરમાં ૧,૧૪૪ આવાસો ટનલ ફોર્મવર્ક દ્વારા મોનોલિથિક કોંક્રિટ કન્સટ્રક્શન ટેક્નોલોજીના ઉપયોગથી નિર્માણ કરવામાંઆવ્યું છે.



કમલમ્,

**ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે તા. ૨૦-૨૧ ઓગસ્ટ ૨૦૨૫ દરમ્યાન રાજ્યસ્તરીય NSS પ્રી-રિપબ્લિક ડે પેરેડ સિલેક્શન કેમ્પ ૨૦૨૫ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત વિદ્યાપીઠના માનનીય કુલપતિ ડો. હર્ષદ પટેલ, NSS રીજનલ ડિરેક્ટર ડો. કમલકુમાર કર, રાજ્ય NSS વિભાગના નિયામક ડો. દિપકકુમાર આર. દરજી તથા NSS વિદ્યાપીઠ મંડળના અગ્રેવાનોની ઉપસ્થિતિ રહી હતી. ઉદ્ઘાટન સમારંભમાં NSS રીજનલ ડિરેક્ટરસાહેબે NSS પેરેડનું મહત્વસમજાવ્યું અને તમામ વોલેન્ટિયર્સને શુભેચ્છાઓ પાઠવી, રાજ્ય NSS ઓફિસરે NSS પ્રવૃત્તિઓ વિષે માર્ગદર્શન આપ્યું તેમજ કુલપતિ સાહેબે NSS ને ગાંધીવાદી વિચારસરણી સાથે જોડીને યુવાનોને પ્રેરણા આપી. કેમ્પ દરમિયાન વોલેન્ટિયર્સે ફિટનેસ ટેસ્ટ, પરેડ ટેસ્ટ, સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યવહારિક મૂલ્યાંકન તથા વિવિધ જૂથ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ કેમ્પમાં સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાંથી 20 NSS વોલેન્ટિયર્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સુંદર પ્રદર્શન કર્યું, જેમાં ટીમ મેનેજર તરીકે ડો. રાકેશ એન. પટેલ તથા કો-મેનેજર તરીકે શ્રી યોગેશ પટેલ અને શ્રી જય પટેલે જવાબદારી નિભાવી. આ કાર્યક્રમ દ્વારા NSS વોલેન્ટિયર્સને રાષ્ટ્રસેવા, શિસ્ત, સંકલન, નેતૃત્વ તથા સાંસ્કૃતિક પ્રતિભા રજૂ કરવાનો અનોખો અવસર મળ્યો અને તેમના શ્રેષ્ઠ પ્રદર્શનથી યુનિવર્સિટીને ગૌરવ પ્રાપ્ત થયું.**



**કમલમ્, વિસનગર**

**નૂતન કોલેજ ઓફ નર્સિંગ, સાંકળચંદ યુનિવર્સિટી, વિસનગર દ્વારા, ૨૧ ઓગસ્ટ ૨૦૨૫, સવારે ૧૦:૩૦ વાગ્યેના ના રોજ "પ્રામાણિકતા સાથે નવીનતા લાવવી - જ્ઞાન નિર્માણમાં નીતિશાસ્ત્ર અને સાહિત્યચોરીનો માર્ગ શોધવો" થીમ પર, લેક્ચર હોલ - 4, NMCRC ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાં માટે વક્તા તરીકે (પ્રો.) ડો. બી. રાજનારાયણપ્રુસ્ટી, ડાયરેક્ટર CRI, ને આવકારવામાં આવ્યા હતાં. આ સેમિનાર દરમિયાન બી.એસ.સી નર્સિંગના છઠ્ઠા સેમિસ્ટરના તમામ વિદ્યાર્થીઓ, તમામ ફેકલ્ટી, વાઈસ પ્રિન્સિપાલ ડો. મહાલક્ષ્મી અને ડો. એન. શિવાસુબ્રમણ્યમ, ડીન, નર્સિંગ ઉપસ્થિત રહ્યાં હતાં. નૂતન કોલેજ ઓફ નર્સિંગના રીસર્ચ કોર્ડિનેટર, પ્રોફેસર શ્રીમતી બ્યુલા.એસ.એસ. અને પ્રોગ્રામ કોર્ડિનેટર, શ્રીમતી રમ્યા નેસમ દ્વારા સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર, નૂતન કોલેજ ઓફ નર્સિંગના છઠ્ઠા સેમિસ્ટરના તમામ વિદ્યાર્થીઓ અને નર્સિંગના વિવિધ વિભાગોના ફેકલ્ટી સભ્યો માટે ખૂબ જ ઉપયોગી રહ્યો હતો. જેથી કોલેજના ડીન ડો. શિવાસુબ્રમણ્યમ, વાઈસ પ્રિન્સિપાલ ડો. મહાલક્ષ્મી, તમામ ફેકલ્ટી અને વિદ્યાર્થીઓએ (પ્રો.) ડો. બી. રાજનારાયણપ્રુસ્ટી, ડાયરેક્ટર CRI સાહેબનો આભાર વ્યક્ત કર્યો હતો. જે બદલ સાંકળચંદ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, સમર્થકો ડો. પી. એમ. ઉદાણી તેમજ ડો. જે. આર. પટેલએ, નૂતન કોલેજ ઓફ નર્સિંગના ડીન ડો. શિવાસુબ્રમણ્યમ, વાઈસ પ્રિન્સિપાલ ડો. મહાલક્ષ્મી તેમજ તમામ ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતાં.**

# વિવિધ સેવાકીય કાર્યો થકી જન્મદિવસની ઉજવણી કરતા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ






કમલમ્,

ધારાસભ્ય રીટાબેન પટેલે વિવિધ સેવાકીય કાર્યો થકી તેઓના જન્મદિવસની ઉજવણી કરી હતી. જન્મદિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોની શૃંખલા હેઠળ રીટાબેન પટેલે આનંદવાટિકા સોસાયટી, સે.-૨૨ ખાતે 'સહાય વન' માં વૃક્ષારોપણ કર્યું હતું. 'સહાય વન' માં લીમડી, પીપળ, બોરસલ્લી, ઉમરો અને બીલીપત્ર સહિત ઓક્સીજન આપતા ૮ થી ૧૦ ફૂટ સુધીના ૧૦૦૦ જેટલા વૃક્ષોના ઉછેર, જતન અને જાળવણીની સંપૂર્ણ વ્યવસ્થાની સુનિશ્ચિતતા સાથે વાવેતર કરવામાં કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા જરૂરિયાતમંદ દિવ્યાંગોને ટ્રાયસિકલની સહાય તેમજ સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને ફ્રૂટ વિતરણ અને સમર્પણ મુક બધિર શાળા સેક્ટર ૨૮ ના બાળકોને ભોજન સહિતના સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતાં. આ તકે શહેર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવે, મેયર મીરાબેન પટેલ, મહાનગરપાલિકા અને સંગઠનના ભાજપના પદાધિકારીઓ, નગરસેવકો, કાર્યકર્તાઓ તેમજ શુભેચ્છકોએ ઉપસ્થિત રહી સેવાકાર્યમાં સહભાગી બન્યા હતાં.

# સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (CCPA) એ ભ્રામક જાહેરાતો બદલ ઓનલાઈન રાઈડ-હેલિંગ પ્લેટફોર્મ રેપિડો પર ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો

કમલમ્,

ગ્રાહક અધિકારોના રક્ષણ તરફ વધુ એક પગલું ભરતા, સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (CCPA)એ રેપિડો (રોપેન ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ)ને ભ્રામક જાહેરાતો અને અન્યાયી વેપાર પ્રથાઓ અનુસરવા બદલ ૧૦,૦૦,૦૦૦ નો દંડ ચૂકવવાનો આદેશ આપ્યો છે. વધુમાં, ઓથોરિટીએ ઓનલાઈન રાઈડ-હેલિંગ પ્લેટફોર્મને એ પણ સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે કે જે કોઈપણ ગ્રાહકે "૫ મિનિટ ઓટો અથવા ૫૦ મેળવો" ઓફરનો લાભ લીધો હોય અને વચન આપેલા ૫૦નું વળતર ન મેળવ્યું હોય, તેને કોઈપણ વિલંબ કે શરત વિના સંપૂર્ણ રકમ પરત કરવામાં આવે. CCPA એ રેપિડોની ભ્રામક જાહેરાતો પર ધ્યાન આપ્યું છે. જેમાં ગ્રાહકોને "૫ મિનિટ ઓટો અથવા ૫૦ મેળવો" અને "ગેરંટીડ ઓટો"નું વચન આપવામાં આવ્યું હતું. વિગતવાર તપાસ પછી CCPA એ આ જાહેરાતો ખોટી, ભ્રામક અને ગ્રાહકો માટે અન્યાયી હોવાનું શોધી કાઢ્યું છે અને તાત્કાલિક અસરથી ભ્રામક જાહેરાતો બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન (NCH) ના ડેટા પરથી જાણવા મળ્યું છે કે:

એપ્રિલ ૨૦૨૩ અને મે ૨૦૨૪ વચ્ચે રેપિડો સામે ૫૭૫ ફરિયાદો.

જૂન ૨૦૨૪ અને જુલાઈ ૨૦૨૫ વચ્ચે ૧,૨૨૪ ફરિયાદો.

CCPA તપાસમાં જાણવા મળ્યું કે Rapidoની જાહેરાતોમાં "શરતો અને નિયમો લાગુ"વાળું ડિસ્કલેમર ખૂબ જ નાના અને વાંચી ન શકાય તેવા ફોન્ટમાં દર્શાવવામાં આવ્યું હતું. ૫૦નો કરવામાં આવેલો વાયદો વાસ્તવિક રીતે ચલણમાં (રૂપિયામાં) નહીં પણ "Rapido Coins" હતા અને તે પછી પણ લાભ "૫૦ સુધી" જ હતા અને દર વખતે ૫૦ રૂપિયા પૂરાં પણ ન હતા. આ સિક્કા ફક્ત Rapido બાઈક રાઈડ્સ સામે જ રિડીમ કરી શકાતા હતા અને ફક્ત ૭ દિવસ માટે માન્ય હતા. આવા પ્રતિબંધોએ ઓફરનું મૂલ્ય ઘટાડ્યું અને ગ્રાહકોને ગેરવાજબી રીતે ટૂંકા સમયમાં બીજી Rapido સેવા પર સ્વિચ કરવાની ફરજ પડી હતી. આવી ભૂલોથી ખાતરીપૂર્વકની સેવાની ખોટી છાપ ઉભી થઈ અને ગ્રાહકોને Rapido પસંદ કરવા માટે ગેરમાર્ગે દોરવામાં આવ્યા. વધુમાં, જ્યારે જાહેરાતમાં "૫ મિનિટમાં ઓટો કે ૫૦ મેળવો" (૫ મિનિટમાં ઓટો મેળવો અથવા ૫૦ મેળવો)નો દાવો કરવામાં આવ્યો હતો, ત્યારે નિયમો અને શરતોમાં જણાવાયું હતું કે ગેરંટી વ્યક્તિગત કેપ્ટન દ્વારા આપવામાં આવી રહી હતી, Rapido દ્વારા નહીં. આ વિરોધાભાસી વલણ કંપની પાસેથી જવાબદારીથી દૂર ભાગવાનો પ્રયાસ કરે છે, જેનાથી ગ્રાહકોને જાહેરાતમાં આપવામાં આવેલી ખાતરીઓ વિશે ગેરમાર્ગે દોરવામાં આવે છે. ગેરમાર્ગે દોરતી જાહેરાતો અને સમર્થન નિવારણ માટેની માર્ગદર્શિકા, ૨૦૨૨ જણાવે છે કે જાહેરાતોમાં અસ્વીકરણ મુખ્ય દાવાનો વિરોધાભાસ કરશે નહીં, સામગ્રી માહિતી છુપાવશે નહીં અથવા ભ્રામક દાવાને ન્યાયી ઠેરવવા માટે ઉપયોગમાં લેવાશે નહીં. રેપિડોના કિસ્સામાં, 'ગેરંટીડ ઓટો' અને '૫ મિનિટમાં ઓટો અથવા ૫૦ મેળવો'ના દાવાઓએ એવી છાપ ઉભી કરી હતી કે જો ૫ મિનિટમાં ઓટો આપવામાં ન આવે તો ગ્રાહકોને મૂળભૂત રીતે ?૫૦ મળશે. જો કે, લાભને '?૫૦ સુધી' મર્યાદિત કરતી સામગ્રી મર્યાદા અને તે પણ ફક્ત ટૂંકા ગાળાની માન્યતા સાથે રેપિડો સિક્કાના રૂપમાં કાં તો અવગણવામાં આવી હતી અથવા સમાન મહત્વ સાથે જાહેર કરવામાં આવી ન હતી. આ છુપાવવા અને સ્પષ્ટતાના અભાવે જાહેરાતને ભ્રામક બનાવી દીધી હતી. CCPA એ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં, રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા આયોગ (NCPC)એ રેપિડો સામે ગ્રાહકોની ફરિયાદોમાં વધારો જોયો છે. આમાંની ઘણી ફરિયાદો સેવાઓમાં ખામીઓ, ચૂકવવામાં આવેલી રકમ પરત ન કરવા, વધુ ચાર્જિંગ, વચન આપેલી સેવાઓની ડિલિવરી ન કરવા અને ગેરંટીકૃત "૫ મિનિટ" સેવા ન આપવા સંબંધિત છે. આવી ફરિયાદોમાં સતત વધારો ગ્રાહક અસંતોષના વ્યાપક પેટર્નને પ્રતિબિંબિત કરે છે, જેના કારણે CCPAએ ગ્રાહક હિતોનું રક્ષણ કરવા માટે કડક પગલાં લીધાં. રેપિડો સાથે શેર કરવા છતાં, આમાંની મોટાભાગની ફરિયાદો ઉકેલાઈ નથી. રેપિડો ૧૨૦થી વધુ શહેરોમાં કાર્યરત છે અને ભ્રામક જાહેરાત દેશભરમાં અનેક પ્રાદેશિક ભાષાઓમાં લગભગ દોઢ વર્ષ (લગભગ ૫૪૮ દિવસ) સુધી સક્રિય રીતે ચલાવવામાં આવી હતી.

આ ઝુંબેશની વ્યાપક પહોંચ અને લાંબા સમયગાળાને જોતાં, ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૧૦ હેઠળ સ્થાપિત કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળ (CCPA)એ ગ્રાહક હિતોનું રક્ષણ કરવા માટે પગલાં લેવાનું જરૂરી માન્યું છે. કાયદાની કલમ ૧૦, ૨૦ અને ૨૧ હેઠળ સશક્ત, CCPA ગ્રાહક અધિકારોનું રક્ષણ, પ્રોત્સાહન અને અમલ કરવા માટે ફરજિયાત છે, જેમાં ભ્રામક જાહેરાતો અને અન્યાયી વેપાર પ્રથાઓને રોકવા માટે પગલાં લેવાનો સમાવેશ થાય છે. તે મુજબ, આવી પ્રથાઓમાં સામેલ થવા બદલ રેપિડોને દંડ ફટકારવામાં આવ્યો છે. CCPA ગ્રાહકોને એવી જાહેરાતોથી સાવધ રહેવા વિનંતી કરે છે જે મોટા વચનો આપે છે અથવા શરતો સ્પષ્ટ કર્યા વિના "ગેરંટીકૃત" અથવા "ખાતરીકૃત" જેવા શબ્દસમૂહોનો ઉપયોગ કરે છે. જો ગ્રાહકો ભ્રામક જાહેરાતો અથવા અન્યાયી વેપાર પ્રથાઓ સંબંધિત સમસ્યાઓનો સામનો કરે છે, તો તેઓ નીચે મુજબ કરી શકે છે:

રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન (૧૯૧૫) પર કૉલ કરો

ફરિયાદ નોંધાવવા માટે NCH એપ્લિકેશન અથવા વેબસાઈટનો ઉપયોગ કરો.

# ઉત્તર ગુજરાતની સહકારિતા શક્તિ: ગામડાથી વૈશ્વિક બજાર સુધી ડેરી વિકાસની ગાથા




- **બનાસ ડેરી એશિયાની અગ્રણી ડેરી સહકારી મંડળી: ૨૧,૨૦૦ કરોડનું ટર્નઓવર, ૧ કરોડ લિટર પ્રતિ દિવસ પ્રોસેસિંગ**
- **દૂધસાગર ડેરી નવીનતા અને ગુણવત્તાનું શ્રેષ્ઠ ઉદાહરણ: ૮,૦૫૪ કરોડનું ટર્નઓવર, ૩૪.૮૮ લાખ લિટર પ્રતિ દિવસ સંગ્રહ**
- **ઉત્તર ગુજરાતની ડેરી શક્તિનો આધારસ્તંભ છે સાબર ડેરી: ૮,૯૩૯ કરોડનું ટર્નઓવર, ૩૩.૫૩ લાખ લિટર પ્રતિ દિવસની ક્ષમતા**
- **પીએમ મોદીના વિઝન દ્વારા સાકાર થયેલું ઉત્તર ગુજરાતનું વિશ્વ કક્ષાનું ડેરી સહકારિતા મોડેલ VGRC ખાતે થશે પ્રદર્શિત**

કમલમ્, ગાંધીનગર

ગુજરાતના ડેરી ઉદ્યોગનો વિકાસ દેશભરમાં ઉદાહરણીય છે. ખાસ કરીને બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠા જેવા જિલ્લાઓમાં ડેરી સહકારી મંડળીઓ તેમની પ્રોસેસિંગ ક્ષમતા અને અદ્યતન સુવિધાઓના કારણે ગુજરાતના કુલ દૂધ ઉત્પાદનમાં સતત વધારો કરી રહ્યા છે. ડેરી ક્ષેત્રમાં આ નોંધનીય પરિવર્તનના કારણે ઉત્તર ગુજરાત ગ્રામીણ આજીવિકા અને વિકાસનું શક્તિશાળી માધ્યમ બન્યું છે. બનાસ ડેરી (બનાસકાંઠા), દૂધસાગર ડેરી (મહેસાણા) અને સાબર ડેરી (સાબરકાંઠા) જેવી ડેરી સહકારી મંડળીઓ મિલ્ક પ્રોસેસિંગ, કોલ્ડ-ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વેલ્યુ-એડેડ ડેરી પ્રોડક્ટ્સની નિકાસમાં વૈશ્વિક સ્તરે અગ્રણી બની છે. ઉત્તર ગુજરાતની આ સહકારી મંડળીઓ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) હેઠળ કાર્ય કરે છે, જે પ્રખ્યાત બ્રાન્ડ 'અમૂલ' હેઠળ પ્રોડક્ટ્સનું માર્કેટિંગ કરે છે.

**બનાસ ડેરી એશિયાની અગ્રણી ડેરી સહકારી મંડળી:**

૨૧,૨૦૦ કરોડનું ટર્નઓવર વર્ષ ૧૯૬૯માં પાલનપુર, બનાસકાંઠામાં સ્થપાયેલી બનાસ ડેરી એશિયાની સૌથી મોટી ડેરી સહકારી મંડળીઓ પૈકી એક છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેનું ટર્નઓવર ૨૧,૨૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ હતું. બનાસ ડેરી ગુજરાત, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, ઓરિસ્સા અને આંધ્ર પ્રદેશમાં ૨૦ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ ધરાવે છે. બનાસ ડેરી દૈનિક ૧૦ મિલિયન લિટર દૂધનું પ્રોસેસિંગ કરે છે. બનાસ ડેરી સાથે ૧૬૦૦થી વધુ દૂધ મંડળીઓ અને ૪ લાખ ખેડૂતો સંકળાયેલા છે, જે ગ્રામીણ વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે ફક્ત પરંપરાગત ડેરી ઉત્પાદનો જ નહીં, પણ મધ અને ખાદ્ય તેલ પણ બનાવે છે. બીજી તરફ સુઝુકી મોટર કોર્પોરેશન અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) વચ્ચે બાયોગેસ પ્લાન્ટ માટે સફળ ભાગીદારી થઈ છે, તે ટકાઉપણું અને વૃદ્ધિને પ્રોત્સાહન આપશે.

**દૂધસાગર ડેરી નવીનતા અને ગુણવત્તાનું શ્રેષ્ઠ ઉદાહરણ:**

૮,૦૫૪ કરોડનું ટર્નઓવર ૧૯૬૦માં સ્થાપાયેલી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ એટલે કે દૂધસાગર ડેરીએ મહેસાણાને ડેરી ક્ષેત્રે નવીનતાનું કેન્દ્ર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેનું ટર્નઓવર લગભગ ૮,૦૫૪ કરોડ હતું. જે ડેરી એક સમયે ૩,૩૦૦ લિટર પ્રતિ દિવસનું દૂધ એકત્ર કરતી હતી, તે હવે ૩૪.૮૮ લાખ લિટરથી વધુ દૂધ એકત્રિત કરે છે. દૂધસાગર ડેરી તેના મજબૂત સહકારી નેટવર્કનો ઉપયોગ કરીને ભારતીય અને આંતરરાષ્ટ્રીય બજારો માટે દૂધ અને વિવિધ પ્રકારના દૂધ ઉત્પાદનો બનાવે છે.

**ઉત્તર ગુજરાતની ડેરી શક્તિનો આધારસ્તંભ છે સાબર ડેરી**

સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ એટલે કે સાબર ડેરીની વાત કરીએ તો, તેની દૈનિક ક્ષમતા ૩૩.૫૩ લાખ લિટર છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આશરે ૮,૯૩૯ કરોડના ટર્નઓવર સાથે, સાબર ડેરી ગુણવત્તાયુક્ત ડેરી ઉત્પાદન માટે, ખાસ કરીને દૂધ, ઘી, માખણ અને ચીઝમાં પ્રખ્યાત બની છે. દૂધની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે ડેરીએ પ્રોસેસિંગ સુવિધાઓ અને કોલ્ડ-ચેઈન લોજિસ્ટિક્સમાં સતત રોકાણ કર્યું છે. આ ૩ સહકારી મંડળીઓ એ દર્શાવે છે કે, ઉત્તર ગુજરાતના ડેરી મોડલે ખેડૂતોને બજારો સાથે જોડવામાં મોટો ફાળો આપ્યો છે.

- ખેડૂતોનું સશક્તિકરણ: વાજબી ભાવ અને આખું વર્ષ દૂધ ખરીદીને કારણે ખેડૂતોની આજીવિકા સુનિશ્ચિત કરે છે.
- માળખાગત સુવિધાઓનું વિસ્તરણ: કોલ્ડ ચેઈન, બાયોગેસ અને માટી પરીક્ષણ પ્રયોગશાળાઓમાં રોકાણ વૈશ્વિક સ્તરની પ્રણાલીઓ સાથે સુસંગત છે.
- નિકાસની ક્ષમતા: ભારતીય ડેરી ઉત્પાદનોની વધતી જતી વૈશ્વિક માંગ સાથે, આ સહકારી સંસ્થાઓ નિકાસની તકો વધારે છે.

બનાસ, દૂધસાગર અને સાબર ડેરીની સફળતા ઉત્તર ગુજરાતને વૈશ્વિક ડેરી ક્ષેત્રે નિકાસનું કેન્દ્ર બનવાનું લક્ષ્ય રાખે છે. ડેરી ક્ષેત્રે ઉત્તર ગુજરાતે જે સફળતા દર્શાવી છે તે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ (VGRC)માં પણ પ્રદર્શિત થશે.

# ગાંધીનગર જિલ્લામાં કલેક્ટરશ્રી મેહુલ કે. દવેની અધ્યક્ષતામાં મળી ઓગસ્ટ માસની જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક

## જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં ગાંધીનગર જીલ્લાના નાગરીકોની સુખાકારી અને સુવિધા માટે ચર્ચા કરવામાં આવી



**સોશિયલ મીડિયામાં સક્રિય બની તંત્ર દ્વારા થતી કામગીરી સતત અપલોડ કરતા રહેવા કલેક્ટર શ્રી દ્વારા વહીવટી તંત્રને સૂચન**

કમલમ્,

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટરશ્રી મેહુલ કે.દવેના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી હતી.

સંકલન બેઠકમાં દહેગામ, માણસાના અને ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલા વીજળી, રોડ રસ્તા, આવાસ, બસ સુવિધા તથા નેશનલ હાઈવે ઓથોરિટી ને લગતા વિકાસકામો અંગેના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત બેઠક અંતર્ગત નિવૃત્ત થતા કર્મચારીઓના પેન્શન, સરકારી લેણાં, કર્મચારીઓને મળતા લાભ, લોક અરજીના નિકાલ અંગે પણ ચર્ચા કરવામાં આવી. લોકોની અરજીઓના યોગ્ય નિકાલ થાય અને વહીવટી કામગીરીને ઝડપી, પારદર્શક અને પરિણામ સભર બનાવવા પણ કલેક્ટર શ્રી ગાંધીનગર દ્વારા ઉપસ્થિત અધિકારીઓને સૂચન આપતા જણાવાયું હતું કે, જનતાના પ્રશ્નો અને તેના સોલ્યુશન વચ્ચે અધિકારી મધ્યસ્થ માધ્યમ છે, નાગરિકોની સુવિધા અને સુખાકારી એ આપણો મુખ્ય ધ્યેય હોવો જોઈએ. સાથે જ કલેક્ટરશ્રીએ ટીમવર્કની ભાવના અને જનસેવાના સંકલ્પ સાથે કાર્ય કરવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો. સાથે જ આ બેઠક અંતર્ગત કલેક્ટર શ્રી ગાંધીનગર દ્વારા ગણેશ વિસર્જન માટે તકેદારીના પગલાં લેતા, ગામડે ગામડે પ્રચાર પ્રસાર કરી લોકજાગૃતિ લાવવા અને કોઈપણ ગમખબાર અકસ્માત ન સર્જાય તેવા પગલાં લેવા તમામ અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. જેના માટે ગ્રામ સભા યોજી તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવનાર કુત્રિમ કુંડો ની માહિતી આપતા અવેરનેસ મેસેજ જન જન સુધી પહોંચે તેઓ પ્રયાસ કરવા જણાવવામાં આવ્યું હતું. આ સાથે જ સોશિયલ મીડિયામાં સક્રિય બની તંત્ર દ્વારા થતી કામગીરી સતત અપલોડ કરતા રહેવા પણ કલેક્ટર શ્રી એ ઉપસ્થિત સર્વેને સૂચન કરતાં જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયાના યુગમાં માહિતીનાં પ્રચાર પ્રસાર માટેનું પ્રબળ માધ્યમ આપણા હાથ વગુ છે, ત્યારે તંત્રની કામગીરી સરકાર અને જનતા સુધી પહોંચાડવા દરેક અધિકારી તથા કર્મચારીએ સોશિયલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં માણસા ધારાસભ્યશ્રી જે. એસ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શિલ્પાબેન પટેલ, દહેગામના ધારાસભ્યશ્રી બલરાજ સિંહ ચૌહાણ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જે પટેલ, નિવાસી અધિક કલેક્ટરશ્રી (ઈ.ચા) અર્જુનસિંહ વણઝારા સહિત જિલ્લા સંકલન સમિતિના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.